પેજ 3

બ્રિટિશ કોમેડિયન રસેલ બ્રાન્ડ બળાત્કારના કેસમાં દોષિત ઠર્યો



લંડન, તા. 5 : ગુરુવારે લંડનની એક અદાલતે બ્રિટિશ કોમેડિયન અને અભિનેતા રસેલ બ્રાન્ડને બળાત્કારના એક ગુનામાં અને જાતીય હુમલાના ત્રણ ગુનામાં દોષિત ઠેરવ્યા છે. આ ચુકાદો તેમના શોબિઝ કરિયરના શિખર સમયગાળા દરમિયાનના આરોપો અંગે ચાલેલી સુનાવણી બાદ આવ્યો છે. ૫૧ વર્ષીય બ્રાન્ડને સાઉથવાર્ક ક્રાઉન કોર્ટમાં દોષિત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યાં સરકારી વકીલોએ તેમના પર ૧૯૯૯થી ૨૦૦૯ વચ્ચે ચાર મહિલાઓ પર જાતીય અત્યાચાર કરવાનો આરોપ મૂક્યો હતો. હવે તેઓ જેલની સજાના સામનો કરી રહ્યા છે.

'રામાયણ' ભાગ 2 દિવાળી 2028માં રિલીઝ થવાની પુષ્ટિ



મુંબઈ, તા. 5 : પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ નિવેદન આપ્યું છે કે તેઓએ નીતિશ તિવારીની આ મહત્વાકાંક્ષી પૌરાણિક ફિલ્મને માત્ર બે ભાગમાં જ મર્યાદિત રાખવી તેવું આખરી નથી કર્યું અને જો દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળે તો 'રામાયણ'ને ટ્રિલોજી (ત્રણ ભાગની શ્રૃંખલા)માં ફેરવવાની શક્યતા નકારી નથી. નમિત મલ્હોત્રાએ એ પણ પુષ્ટિ કરી છે કે, આ ફિલ્મનો બીજો ભાગ, જે મૂળ રૂપે 2027માં રિલીઝ થવાનો હતો, તે હવે દિવાળી 2028 દરમિયાન સિનેમાઘરોમાં રિલીઝ થશે. આનાથી ફિલ્મના નિર્માણ દળને આ વાર્તાને મોટા પડદા પર ઉતારવા માટે વધુ એક વર્ષનો સમય મળી જશે. જે દર્શકોએ સિનેમાઘરોમાં આ મહાકાવ્યનો પહેલો ભાગ જોઈ લીધો છે, તેમને એ વાતની પુષ્ટિ મળી ગઈ છે કે ફિલ્મોનો બીજો ભાગ તેના પછીના વર્ષે રિલીઝ થશે.

રાવણનું એક કરોડ રૂપિયાનું સિંહાસન પીગાળેલા સોનામાંથી બનાવવામાં આવ્યું



મુંબઈ: ભગવાન રામ તરીકે રણબીર કપૂર, રાવણ તરીકે યશ અને દેવી સીતા તરીકે સાઈ પલ્લવી અભિનિત ફિલ્મ *'રામાયણ: રાઇઝ ઓફ અ લેજેન્ડ'* ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ માટે રાવણનું ૧ કરોડ રૂપિયાનું સિંહાસન પીગાળેલા સોનામાંથી બનાવવામાં આવ્યું છે. ફિલ્મના આર્ટ ડિરેક્ટર રમેશે તાજેતરમાં આ અભૂતપૂર્વ વિઝ્યુઅલ સ્કેલ અને ભવ્ય સ્થાપત્યના સેટ્સ પાછળના પ્રયાસો વિશે વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં રમેશે આ ભવ્ય વિશ્વને કેવી રીતે જીવંત કરવામાં આવ્યું તે અંગેના મુખ્ય પાસાઓ શેર કર્યા હતા.

ફ્રાન્સમાં કામદાર યુનિયનોની દેશવ્યાપી હડતાલ : ઘણાં શહેરોમાં રેલીઓ

વિદ્યાર્થીઓએ પણ નવા વિરોધ પ્રદર્શનો કર્યા, ફ્રાન્સની ત્રીજા ભાગની શાળાઓ બંધ

વિરોધ પ્રદર્શન દરમિયાન ઘણાં શહેરોમાં તોફાનો, એક શાળાને આગ ચાંપી દેવાઇ



પેરિસ, 05 : મુશ્કેલીગ્રસ્ત સરકાર પર નવું દબાણ લાવવા માટે ઉચ્ચ વેતનની માગણી કરવા અને હાઈસ્કૂલના વિરોધ આંદોલનને સમર્થન આપવા માટે ગુરુવારે દેશવ્યાપી હડતાલ અને પ્રદર્શનોમાં હજારો ટ્રેડ યુનિયન સભ્યો જોડાયા હતા. ફ્રાન્સભરમાં એક મહિના કરતાં વધુ સમયથી ચાલી રહેલા મોટા અને વારંવારના વિરોધ પ્રદર્શનો પછી, પેરિસ, લિયોન, માર્સેલી અને અન્ય સ્થળોએ ફરીથી વિશાળ રેલીઓ યોજાઈ હતી. આંતરિક બાબતોના મંત્રી લોરેન્ટ નુનેઝના નજીકના એક અધિકારીએ જણાવ્યું હતું કે બપોરના આસપાસ 2,70,000 જેટલા લોકો રાજધાની બહારની 180 રેલીઓમાં યુનિયનના આંદોલનમાં જોડાયા હતા, અને તેમાંથી મોટા ભાગના શાંતિપૂર્ણ હતા. આંતરિક ગુપ્તચર વિભાગના અંદાજ પ્રમાણે પાંચ લાખ જેટલા લોકો વિરોધ પ્રદર્શનોમાં જોડાઈ શકે તેમ હતા. આ અધિકારીએ જોકે લિયોન, નાન્ટેસ, પાઉ, ઓર્લિયન્સ, રેન્સ અને તૌલુસ શહેરોમાં કેટલીક હિંસા નોંધી હતી. મોઢું ઢાંકેલા સરકાર-વિરોધી તોફાનીઓએ આજે એક ફ્રેન્ચ શાળામાં ઘૂસીને તોડફોડ કરી હતી અને દેશને ઠપ્પ કરવાના હેતુથી શરૂ કરાયેલી સામાન્ય હડતાળની શરૂઆતમાં જ ભીષણ આગ લગાડી દીધી હતી. દક્ષિણ-પશ્ચિમમાં આવેલા તુલુઝ નજીકના ટુરનેફેઇલ સ્થિત 'ફેન્કોઇઝ લિસી' સ્કૂલમાં ગુરુવારે સવારે આગની જ્વાળાઓ તીવ્ર બનતા વિદ્યાર્થીઓને બહાર સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનના વહીવટ સામે થઈ રહેલા સામૂહિક વિરોધ પ્રદર્શનના વધુ એક દિવસે આ ભયાનક આગની ઘટના ઘટી હતી.

છ રાજ્યો, સંઘપ્રદેશોમાં સ્પેશિયલ સમરી રિવિઝનની ચૂંટણી પંચની જાહેરાત

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા જ્યાં જાહેર કરવામાં આવી છે તે પ્રદેશોમાં દમણ અને દીવ, દાદરા-નગરહવેલીનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા. 5 (PTI): ચૂંટણી પંચે ગુરુવારે અરુણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, મિઝોરમ, ઓડિશા અને સિક્કિમમાં મતદારયાદીની વાર્ષિક સ્પેશિયલ સમરી રિવિઝન (વિશેષ સંક્ષિપ્ત સુધારણા)ની જાહેરાત કરી છે. મતદારયાદી સુધારણાની આ કવાયતનો હેતુ યોગ્યતા ધરાવતા મતદારો, ખાસ કરીને યુવાનો અને પ્રથમ વખતના મતદારોની નોંધણી કરવાનો છે, અને ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ના રોજ પાત્ર બનનારા લોકો પાસેથી આગોતરી અરજીઓની સુવિધા પૂરી પાડવાનો છે. સૂચિત મતદારયાદી ૩૦ નવેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. મતદારયાદીનું આખરી પ્રકાશન ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ થશે.

પુનરાવર્તિત અથવા બહુવિધ એન્ટ્રીઓ ધરાવતા કિસ્સાઓમાં નામ કમી કરવાની અરજીઓની ક્ષેત્રીય ચકાસણી કરવી ફરજિયાત છે. મતદાન મથક પર બે ટકાથી વધુ મતદારોના નામ કમી થતા હોય અથવા જ્યાં એક જ વાંધા અરજદાર પાંચથી વધુ વાંધા દાખલ કરે ત્યાં ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરોએ જાતે ક્રોસ-ચેક કરવું આવશ્યક છે. ફોર્મ ૬ અને ૮ માં આધાર વિગતો પૂરી પાડવી મરજિયાત રહેશે. આધાર વિગતો ન આપવાના કારણે નોંધણી માટેની કોઈ અરજી રદ કરી શકાશે નહીં, કે પછી હયાત એન્ટ્રી પણ કમી કરી શકાશે નહીં. ૧૫ ઓક્ટોબરના રોજ, ચૂંટણી સત્તામંડળે ચૂંટણી યોજાવાની છે તેવા ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવા અને પંજાબ સહિત ૧૭ રાજ્યોમાં એસએસઆરની જાહેરાત કરી હતી. પ્રથમ વખત, ચૂંટણી મંડળે પક્ષો સાથે ઈમેજ ફાઇલોને બદલે રીડેબલ પીડીએફ ફોર્મેટમાં મતદારયાદી શેર કરવાનો નિર્ણય લીધો હતો.







